# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૧/૨/૨૦૨૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. **સેક્રેટરી**)

---

# ‘બ્રાન્ડ સુરત’ને પ્રમોટ કરવા ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા ‘ટેકસટાઇલ ફેશન શો’ યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા શહેરની પ્રતિષ્ઠિત ફેશન સંસ્થાના સંચાલિકા ડો. બંદના ભટ્ટાચાર્યના નિદર્શનમાં આત્મનિર્ભર અભિયાન અંતર્ગત શહેરના ફેશન ડિઝાઈનર તેમજ મોડેલ્સને પ્રોત્સાહન મળે તેમજ ‘બ્રાન્ડ સુરત’નો વિકાસ થાય તે હેતુથી રવિવાર, તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ સરસાણા સ્થિત પ્લેટીનમ હોલ ખાતે ‘ટેકસટાઇલ ફેશન શો’નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ફેશન શોના ઉદ્દઘાટન સમારોહમાં ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડીયાએ જણાવ્યું હતું કે, આ પ્રકારના આયોજનોને કારણે સ્થાનિક ટેલેન્ટને ખૂબ સુંદર તક પ્રાપ્ત થાય છે. આપણી પાસે આટલી સુંદર ટેલેન્ટ ઉપલબ્ધ હોય તો આપણે મુંબઈ કે અન્ય સ્થળોએ શા માટે નજર દોડાવવી જોઈએ? આ ફેશન શોને કારણે સ્થાનિક ટેલેન્ટનો ખ્યાલ સુરતના ટેક્ષ્ટાઈલ જગતને આવશે. સુરતના તમામ ટ્રેડર્સ એસોસીએશનોને પણ તેમણે જાહેર મંચ ઉપરથી વિનંતી કરી હતી કે તમામ ટ્રેડર્સ મિત્રોને આ સંદેશો આપ પહોંચાડશો અને વધુને વધુ સ્થાનિક ટેલેન્ટને તક આપશો તો ચેમ્બરનું આત્મનિર્ભર સુરતનું અભિયાન પણ સફળ ગણાશે.

જી.એફ.આર.આર.સી.ના ચેરમેન ગિરધરગોપાલ મુંદડાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ચેમ્બર પ્રેરિત આ પ્રકારના ફેશન શો હંમેશા નવા પરિમાણો સ્થાપિત કરતી રહી છે. આ પ્રકારના નિયમિત

આયોજનોથી શહેરની ટેલેન્ટ વધુને વધુ ઉભરી આવશે. કોરોનાના આ મહાસંકટ દરમ્યાન હવે જ્યારે ધંધા–ઉદ્યોગ પાટા પર ચઢી રહ્યા છે ત્યારે આ ફેશન શો ઉપર સૌની નજર હોય છે. નજરમાં સ્થાનિક ટેલેન્ટને મહત્વ આપશો તો સુરતનું ભવિષ્ય ઉજ્જવળ બની રહેશે.

આ સમગ્ર ફેશન શોના સંચાલિકા અને ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ સુરતની ટેલેન્ટ કેટલી પાવરફુલ છે તેનો ખ્યાલ આમંત્રિતોને આપ્યો હતો. ઝીણવટભરી રીતે આ તમામ મોડેલ્સના કલોથ્સ જે રીતે ડિઝાઇન કરવામાં આવ્યા છે તે પોતે પોતાનામાં એક મોટી ઘટના છે. સુરતમાં કવોલિટી ગારમેન્ટ બને અને ડિઝાઇન થાય તે ફેશન શોના આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય હતો. ભવિષ્યમાં સુરતને ભારતનું ગારમેન્ટ હબ બનાવવાની દિશામાં પ્રયાસ કરવાનો છે. સુરતના મહત્વના ત્રણ ઉદ્યોગો જેવા કે ડાયમંડ, ટેકસટાઇલ અને ગારમેન્ટને બિઝનેસ પ્રમોશન માટે ફેશન શોની જરૂરિયાત હોય છે. આવા પ્રકારના ફેશન શોને કારણે સુરતમાં હવે વધુ એક ઇન્ડસ્ટ્રી 'મોડલિંગ ઇન્ડસ્ટ્રી'નો ઉદય થશે.

ઉદ્દઘાટન સમારોહનું સંચાલન ચેમ્બરના માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસીએ કર્યું હતું. જ્યારે ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ આભારવિધી કરી હતી.

આ ફેશન શોમાં શહેરના ફેશન ડીઝાઈનર્સ શિલ્પી સાધ, શાલીની શાંઘાઈ, સીમા કાલાવડીયા, નીરવ કાથરોટીયા અને મનીષ રેશમવાળાની ડિઝાઈનો પ્રસ્તુત કરવામાં આવી હતી. ફેશન શોનું સંચાલન વનિતા રાવતે કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ચેમ્બરના વીમેન આંત્રપ્રિન્યોર્સ સેલના ચેરપર્સન સ્વાતિ શેઠવાલા, જ્યોત્સના ગુજરાતી અને નિમિષા પારેખનો ફાળો નોંધનીય હતો.

શહેરની ત્રણ જાણીતી બ્રાન્ડ લક્ષ્મીપતિ સારીઝ, કિમોરા ગૃપ અને શાહલોન ગૃપે આ ફેશન શોનું સૌજન્ય પુરૂ પાડ્યું હતું.